# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે બ. ક. ઠાકોરની સાર્ધ શતાબ્દી નિમિત્તે તા. ૩૦-૫-૨૦૧૯ના રોજ સાંજે ૬-૦૦ કલાકે પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિરમાં શ્રી સિતાંશુ યશશ્ચંદ્રએ 'બ.ક.ઠા.થી લા.ઠા. : કાવ્યબાનીની શોધ' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. પરિષદના મહામંત્રી શ્રી પ્રફુલ્લ રાવલે પ્રારંભિક ભૂમિકા બાંધી આપી હતી. પરિષદના પ્રસારમંત્રીશ્રી ભરત મહેતાએ વક્તાશ્રીનો પરિચય આપ્યો હતો અને ઉપસ્થિત સૌ સાહિત્યરસિકોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સૌ સાહિત્યરસિકોએ આ વિશિષ્ટ વ્યાખ્યાનનો લાભ લીધો હતો.

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચી. મં. ગ્રંથાલયમાં દર મહિનાની ૧૭મી તારીખે યોજાતા પુસ્તક-પ્રદર્શનમાં આ વખતે જૂન માસમાં તા. ૧૭ થી તા. ૨૨ જૂન દરમિયાન શ્રી વિદ્યાબહેન નીલકંઠ (૧-૬) જન્મદિવસ નિમિત્તે સ્ત્રી-સર્જકોનાં પુસ્તકોનું પ્રદર્શન તેમજ પારિતોષિકવિજેતા સ્ત્રી-સર્જકોનાં પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેમાં શ્રી સુકુમારભાઈ પરીખ, ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, ગ્રંથાલયમંત્રી શ્રી પરીક્ષિતભાઈ જોશી, શ્રી ઇતુભાઈ કુરકુટિયા, શ્રી અનિલા દલાલ, શ્રી રૂપાબહેન શેઠ, શ્રી વિનોદાબહેન ઉપરાંત વાચકો, વિદ્યાર્થીઓ, સંશોધકો અને અન્ય સાહિત્યરસિકોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આ પ્રદર્શન-પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરી હતી. મીડિયા વગર પ્રદર્શન પણ અધૂરું હોય તેમ પ્રિવ્યુ આપી ન્યૂઝ પ્રકાશિત કરતા મીડિયાએ પણ સ્ત્રી-સર્જકોનાં પ્રદાનની વિશિષ્ટ નોંધ લઈને ફોટા સાથે દૈનિક પત્રોના માધ્યમથી સમાચારોનું પ્રસારણ કર્યું હતું.

❑

## ગુ. સા. પ.ની વેબસાઇટની બે નોંધપાત્ર વિગતો

૧. 'પરબ' ૧૯૫૯થી, જૂન ૨૦૧૯ સુધીના તમામ અંકો વેબસાઇટ ઉપર ઉપલબ્ધ.

કોઈ પણ વ્યક્તિ Online જોઈ વાંચી શકશે.

૨. ચી. મ. ગ્રંથાલયનાં ૭૦,૦૦૦ પુસ્તકોનું ઑનલાઇન કેટલોગ જોઈ શકશો. જેથી જે પુસ્તક વાંચવું હોય તે ઘેર બેઠાં તે યાદી. Online જોઈ શકાશે.

❑